આ કામમાં પો.સ્ટે. ધ્વારા આરોપી વિરૂધ્ધ જીપીએકટ કલમ: ૧૩૫(૧) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કો.કલમ: ૨૦૭, અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. તેમજ આજરોજ સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. જેથી આરોપી સ્પે.સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પે.સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨, થી રજૂ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

સજા બાબતે આરોપીને સાંભળતાં આરોપીએ આ તેમનો પ્રથમ ગુનો છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને કુટુંબ કબીલાવાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહીં કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

આ કેસની તમામ હકીકત તથા સંજોગો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબના હુકમ અન્વયે સ્પેશ્યલ સીટીંગ અન્વયે આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**<u>ટ.સજા કે આખરી હુકમ.</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો. કલમ: ૨૫૨ હેઠળ જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) ના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦/– ( અંકે રૂપિયા એકસો ) પૂરા દંડ કરવામા આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૧(એક) દિવસની સાદી કેદની સજા કરવામા આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૧૯
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ
કોડ નં.જીજે૦૦૬૩૩